# -: અર્શના ફરિશ્તાઓની તસ્બીહ " લા હૌલા વલા કુવતા ઈલ્લા બિલ્લાહ " :-

બાદશાહે યમન તીસરા દાઈએ મુત્લક સૈયદના મોહીયુદીન હાતિમ બિન સૈયદના ઈબ્રાહીમ અલ-હામેદી (આ.કુ.) ની બલંદ પાયા કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયાહ" માં બયાન આવેલું છે કે, એક વક્ત મદીનતુલ મુનવ્વરાહથી રિસાલત મઆબ (સ.અ.વ.વ.) એ ઔફ બિન માલિકની સરપરસ્તી અને અલમબરદારીમાં યમન તરફ ફૌજ રવાના કીધી. ઈત્તેફાકન ઔફ દુશ્મનો ના હાથે પકડાઈ ગયા અને કેદખાનામાં તેમના ઉપર બેહદ ઝુલ્મ કરવામાં આવો.

આ સાનેહા ની વાત મદીના તક પહોંચી અને જે વક્ત ઔફ ના ઝઈફ માઁ-બાપને આ ચીઝની ખબર પડી તો ભારે સદમો થયો. ઔફ ના માઁ-બાપએ અને બીજા ખૈરખ્વાહોએ નબીએ અકરમ રહેમતુલ લિલ આલમીનના દરબારમાં આવી અરઝ કીધી કે, "અય મૌલા! ઔફ બિન માલિક પકડાઈ ગયા છે અને ન બરદાશ્ત થઈ શકે એવો ઝુલ્મ થઈ રહ્યો છે." હબીબે કિબરિયા નબીએ અકરમએ ફરમાવું કે, "તમારામાંથી કોઈ હુશિયાર શખ્સ તૈઝ રફતારીથી ફૌરન યમન જાય અને ઔફ ને "લા હૌલા વલા કુવતા ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ", ની તસ્બીહ કરવાનું કહે."

ઈરશાદે નબવી બાદ એક બાહોશ નૌજવાન પૂરી હિમ્મત સાથે ઉભા થયા અને ઊંટણી પર બેસીને તૈઝ રફતારીથી યમન તરફ રવાના થયા. ભારે હુશિયારી, ચાલાકી અને દિલેરીના સાથ નબીએ અકરમની દોઆના સબબ કેદખાનામાં પહોંચ્યા અને ઔફ ને જોઈને ખૂબ ખુશ થયા. ફરમાન મુતાબિક મૌકો મીલતા જ ઔફ ના કાનમાં "લા હૌલા" ની તસ્બીહની વિર્દ કરવાની શરૂ કીધી. જોત જોતામાં એ તરહ મોઅજિઝએ મોહંમદી અને ઈનાયતે રબ્બાની થઈ તેમજ તે તસ્બીહનો અસર નમૂદાર થયો કે ઔફ ના બંધનો ઢીલા પડી ગયા; તેના ઝખ્મો રૂઝાઈ ગયા અને મૌકો જોઈ ઔફ કેદમાંથી આઝાદ થાવામાં કામિયાબ થયા. તે બાદ નૌજવાન સાથે ઊંટણી ઉપર સવાર થઈ એ જ રફતારથી મદીના સહીહો સાલિમ આવી પહોંચ્યા.

ઘરે પહોંચી મકાનના દરવાઝાની સાંકલ ખખડાવી. કોણ છો? અંદરથી માઁને પૂછ્યું. "હું તમારો દિકરો છું", ઔફએ કહ્યું. માઁએ જલ્દીથી દરવાઝો ખોલો અને દિકરાને છાતીથી લગાવી દીધો, પૈશાની અને હાથ ચુમવા લાગા. ઔફ કહે છે કે, "માઁ! આ તો તમને ખબર આપવા આવો છું કે, હું સલામતીથી આવી ગયો છું. પહેલે રેહમતુલ લિલ આલમીન હબીબે ખુદા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના દરબારમાં જઈ કદમબોસી અને મિઝાજપુરસીનો શરફ હાસિલ કરી લઉં". ઔફ, નબી સાહેબની હઝરતમાં આવા, સજદએ તાઅઝીમ બજાવા અને યમનની તમામ હકીકતોથી વાકિફ કરાવા.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, દરેક બચ્ચાઓને બચપણાથી જ "લા હૌલા" ની તસ્બીહ શીખાવવી જ જોઈએ. જે જન્નતના ખઝાનાઓ માંની કીમતી માલો મતાઅ છે, અર્શના ફરિશ્તાઓની તસ્બીહ છે. ૭૦ ઝાતની બલાઓ, મુસાબતો, તકલીફો, પરૈશાનીઓ તેનાથી દૂર થાય છે. તેનો પઢનાર હિફાઝત અને અમાનમાં રહે છે. દર રોઝ બાવુઝૂ કમ અઝ કમ ૧૧૦ વાર આ તસ્બીહ બા-યકીન કરવી જોઈએ. બચ્ચાઓને રાતે સુતી વક્ત આ તસ્બીહ પઢાવી સુવાડવા જોઈએ. આજના કપરા અને કઠીન વક્તમાં હમેશા સલવાત સાથે "લા હૌલા વલા કુવતા ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ" ની તસ્બીહ વિર્દે ઝબાઁ રાખે.

"લા હૌલથી સાબિત થાય છે અલ્લાહની કુદરત
પઢનારને હાસિલ થાય છે આફાકની દૌલત". ★